# વિજકડાકા અને વાદળ ગર્જનાથી ગાંધીનગરનુ ગગન ગાજી ઉઠ્યું

**નગરજનોમાં ગભરાટ પ્રવર્તયો : સાંજના સમયે ગઇકાલની જેમ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટાના અંતે આકાશમાં વિજકડાકાથી સેકટરસવાસીઓ ગભરાઇને ઘરની બહાર નિકળ્યા : વરસાદી છાંટણાથી ભીંજારો : ઉકળાટથી નગરજનો ત્રસ્ત**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. સાંજ ઢળતા જ ભાદરવે અષાઢી નઝારો સર્જાય છે. આજે પણ ગઈકાલની જેમ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. સાંજના સમયે અચાનક જ આકાશમાં ગોરંભાયેલા વાદળો ગર્જયા હતા. ગગનભેદી વિજકડાકાથી ગાંધીનગર ગાજયુ હતુ. આક્રમક વિજકડાકાથી સેકટરવાસીઓ ગભરાયા હતા. હળવા વરસાદી છાંટણાથી શહેરમાં ભીંજારો પ્રવર્તાયો હતો જયારે દિવસ દરમિયાન આકરા બફારાથી સેકટરવાસીઓએ બેચેની અનુભવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી તપતા ભાદરવે અષાઢી નઝારો નિખર્યો છે. ગઈકાલે દિવસના ઉકળાટ બાદ સાંજે ધોધમાર વરસાદી ઝાપટાથી ચોમર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે વરસાદી સાંજના અંતે વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી જયારે આજે સવારથી વાતાવરણમાં ફરી ઉકળાટ પ્રવર્તયો હતો. સવારથી આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા જયારે છુટાછવાયા છાંટણાના અંતે બપોરના સમયે વરાપ નિકળ્યો હતો જયારે સાંજના સમયે ગઈકાલની જેમ જ અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સુસવાટા મારતા પવન સાથે આકાશી નઝારો નિખર્યો હતો. જયારે ગગનભેદી વિજકડાકાથી સેકટરવાસીઓમાં બેઘડી ફફડાટ પ્રવર્તયો હતો. વિજ ચમકારા ,વાદળ ગર્જના અને કાન ફાડીને નાંખે તેવા વિજકડાકાથી ગગન ગાજયુ હતુ. કયાંક વિજળી પડી હોય તેવા ભણકારા સાથે સેકટરવાસીઓમાં ભય પ્રવર્તયો હતો. સેકટરવાસીઓએ પોતાના ઘરના ટી વી ફ્રીજ સહીતના ઈલેક્ટ્રીક ઉપકરણો પણ બંધ કરી દીધા હતા. વિજળીના કડાકા વચ્ચે સેકટરમાં હળવા વરસાદી ઝાપટાથી ચોમેર ભીંજારો પ્રવર્તયો હતો. ગઈકાલના વરસાદના અંતે શહેરના સેકટરોમાં સ્થિત કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો જયારે આજે પણ કેટલાક ઠેકાણે પાણી યથાવત જોવા મળ્યુ હતુ જયારે કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. વરસાદી નઝારો નિખરતા છેલ્લા બે દિવસથી સાંજ પડતા જ હળવા ભારે વરસાદના ઝાપટાથી વાતાવરણમાં અચાનક બદલાવ જોવા મળે છે. પરંતુ દિવસ દરમિયાન આકરા બફારાનુ જોર યથાવત રહે છે.

આજે પણ શહેરીજનોએ આકરી ગરમી અનુભવી હતી. આમ તો ભાદરવામાં આકરો તાપ પણ અસહ્ય ગરમીનુ કારણ બને છે. જયારે વરસાદી વાતાવરણ વચ્ચે પણ મહત્તમ તાપમાન છેલ્લા બે દિવસથી ૩૨ ડીગ્રીની આસપાસ જોવા મળે છે. શહેરમાં સિઝનનો પુરતો વરસાદ થઈ ગયો છે. આમછતા હજુ સુધી ઉકળાટનુ પ્રમાણ વધુ હોવાના લીધે નગરજનો બેચેની અનુભવી રહ્યા છે. ચોમાસુ વિદાય લેવા ટાંણે પણ શહેરમાં ઠંડક પ્રવર્તી નથી. ભેજ અને ભીંજારાના માહોલ વચ્ચે નગરજનો આકરા બફારાથી બેચેન છે.

જયારે છેલ્લા બે દિવસના મોસમ પલ્ટાના અંતે બપોરના સમયે આકરો તાપ પણ પડતો નથી જેના લીધે વાદળિયા વાતાવરણ અને વરસાદી છાંટણા વચ્ચે સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો માટે વાતાવરણ ફેવરેબલ બન્યુ છે. જેના લીધે સેકટરોમાં શેરી સફાઈ અને દવા છંટકાવ માટે ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે.



સારા વરસાદ બાદ આ વર્ષે ગાંધીનગરની હરિયાળી ચોમેરથી ખીલી ઉઠી છે. માર્ગોની આસપાસ જ્યાં સુધી નજર જાય ત્યાં સુધી આંખોને ટાઢક મળે તેવી હરિયાળી જોવા મળે છે. વૃક્ષોએ જાણે નવા વાઘા પહેરી લીધા હોય તેવા લીલાછમ્મ દેખાઈ રહ્યા છે. વિકાસની દોડમાં અનેક વૃક્ષોનો ભોગ લેવાયો હોવા છતાં હજુ શહેરના કેટલાક વિસ્તારોમાં ગાઢ વૃક્ષોનું સામ્રાજ્ય છવાયેલુ જોવા મળી જાય છે. ઓક્સિજનનું પાવરહાઉસ ગણાતા વૃક્ષો અને આંખોને ઠારતી હરિયાળી વચ્ચે આપણને આ શહેરમાં રહેવા મળ્યુ છે તે ખરેખર આપણુ અહોભાગ્ય ગણાય.

# વરસાદી પેટર્નમાં સતત બદલાવ જોવા મળ્યો છે

**૨૦૨૦ અને ૨૦૧૭ પછી આ વર્ષે સારો વરસાદ જરૂર થયો પણ ખંડીય વૃષ્ટ્રી વધુ થઈ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં વરસાદી પેટર્નમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે રાજ્યમાં ૧૦૦ ટકા વરસાદ થઈ ગયો છે પરંતુ ગાંધીનગર જિલ્લામાં ૮૯.૫૨ ટકા જ સિઝનનો વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં ય ગાંધીનગર તાલુકામાં વરસાદ સૌથી ઓછો નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં આ ચોમાસામાં અત્યાર સુધીમાં ૫૧૭ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આ વખતે સિઝનનો વરસાદ ૮૯.૫૨ ટકા અર્થાત્ ૬૮૦ મી.મી. સરેરાશ નોંધાયો છે તેમાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે ખંડીય વૃષ્ટ્રી વધુ જોવા મળી છે. જો કે સાબરમતી નદી બે વખત રિચાર્જ થઈ હોવાથી ભૂગર્ભ જળના સ્તર સારા એવા રિચાર્જ થયા છે તેમાં કોઈ શંકા નથી. પાણીની સમસ્યામાં મહદ્અંશે રાહત થઈ છે. જિલ્લામાં આ વખતે પણ ખરીફ પાકનું ઉત્પાદન સરેરાશ જાળવી રાખશે તેવો વિશ્વાસ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જો કે રવિ સીઝનમાં બમ્ફર ઉત્પાદન થશે તેવી આશા પણ સેવી રહ્યા છે.

જિલ્લામાં ખેતીમાં પડતર જમીન વધુ રહી હોવાની વાતો પણ બહાર આવી રહી છે. પરંપરાગત ખેતીની પેટર્નમાં બદલાવ જોવા મળ્યો છે. તેલિબિયા પાકોના વાવેતર વિસ્તારમાં તેમજ શાકભાજીના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળ્યો છે.

જિલ્લામાં ૨૦૧૫થી આજ સુધીના વરસાદની પેટર્ન જોઈએ તો ૨૦૨૦ અને ૨૦૧૭નું ચોમાસુ સૌથી સારૂ રહ્યુ છે. ૨૦૨૦માં જિલ્લામાં ૧૦મી સપ્ટે.૨૦ સુધીમાં ૧૦૭.૭૨ ટકા વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૯૧૧ મી.મી., ગાંધીનગરમાં ૮૦૨ મી.મી., કલોલમાં ૮૪૧ મી.મી. અને માણસામાં ૮૧૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૧૭ના વર્ષમાં ૧૦મી સપ્ટે.-૨૦૨૦ સુધીમાં ૧૫૨.૬૩ ટકા વરસાદ અર્થાત ૧૧૩૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૧૦૪૨ મી.મી., ગાંધીનગરમાં ૯૦૨ મી.મી., કલોલમાં ૧૦૬૪ મી.મી., માણસામાં ૯૯૨ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૨૧માં ૧૦મી સપ્ટે. સુધીમાં ૪૩.૦૪ ટકા અર્થાત સરેરાશ ૩૩૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. ૨૦૧૯માં ૮૭.૫૪ ટકા અર્થાત ૬૭૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૧૮માં ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં ૩૯.૩૩ ટકા અર્થાત ૩૦૯ મી.મી. વરસાદ નોંધાયો હતો. ૨૦૧૬માં જિલ્લામાં ૭૭.૦૬ ટકા અર્થાત સરેરાશ ૫૬૯ મી.મી. વરસાદ નોંધાયો હતો. ૨૦૧૫માં જિલ્લામાં ૭૯.૯૩ ટકા અર્ત સરેરાશ ૫૮૪ મી.મી. વરસાદ નોંધાયો હતો.

# આજે અને આવતીકાલે જિલ્લામાં વિશ્વાસની વિકાસયાત્રા યોજાશે

**જિલ્લામાં રૂ. ૮૦ કરોડના ખર્ચે ૫૭૦ જેટલા કામોનું લોકાર્પણ અને ઈ-ખાતવિધિ આ યાત્રામાં થશે : કલોલ અને ગાંધીનગર પ્રાંતકક્ષાએ તાલુકાના વિકાસ કામોનું લોકાર્પણ તેમજ ઈ.ખાતવિધિ થશે**

ગાંધીનગર, તા. ૧૧

૧૨ અને ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન વિશ્વાસના વિકાસની યાત્રા દરમ્યાન જિલ્લામાં ૫૭૦થી વધુ કામોનું લોકાર્પણ અને ઈ.ખાતવિધિ યોજવામાં આવશે.

જિલ્લામાં વિકાસના કામને વેગીલા બનાવવા માટે યોજાયેલ આ વિકાસયાત્રાના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે બે દિવસ બે અલગ-અલગ તબક્કામાં આ કાર્યક્રમો યોજવામાં આવશે. કલોલ અને ગાંધીનગર પ્રાંતકક્ષાએ તાલુકાના વિકાસ કામોનું લોકાર્પણ તેમજ ઈ.ખાતવિધિ થશે. જેમાં રૂ. ૧ કરોડના અંદાજિત ખર્ચવાળા કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ૧૨મીએ સંપન્ન થશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૫૭૦ કામો જે અંદાજિત રૂ. ૮૦ કરોડથી વધુના ખર્ચે શરૂ કરવામાં આવશે. જેમાં ગાંધીનગર પ્રાંતકક્ષાએ ૨૦૦ જેટલા કામોનો સમાવેશ થાય છે અને તેની પાછળ અંદાજે રૂ. ૬.૫૦ કરોડથી વધુનો ખર્ચ થશે. જ્યારે કલોલ પ્રાંતકક્ષાએ ૨૫૦ જેટલા કામો જે અંદાજે રૂ. ૫.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લાકક્ષાનો કાર્યક્રમ મહાત્મા મંદિર ખાતે યોજાનાર વિકાસયાત્રાના રાજ્યકક્ષાના મુખ્ય કાર્યક્રમ સાથે સાંકળી લેવામાં આવ્યો છે. જેમાં અંદાજે ૬૫ કરોડના ખર્ચે ૧૨ જેટલા કામોનું લોકાર્પણ અને ઈ.ખાતવિધિ હાથ ધરવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે મનપા દ્વારા પણ નવ જેટલા કામો રૂ. ૪૫ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવનાર છે.

તંત્ર દ્વારા આ વિશ્વાસની વિકાસયાત્રા અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. બે દિવસ રજાના હોવા છતાં આ યાત્રાને લઈ વિવિધ કચેરીઓ કાર્યરત રહી હતી.

## આજે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક કલોલમાં મળશે

ગાંધીનગર, તા. ૧૧

આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી સમિતિની બેઠક પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની ઉપસ્થિતિમાં કલોલ ખાતેના નગરપાલિકા હોલમાં મળશે.

આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે આ બેઠકમાં ચર્ચા-વિચારણા કરવામાં આવનાર છે. આ બેઠકમાં પક્ષના આગામી કાર્યક્રમો તેમજ વિધાનસભાના ઉમેદવારોની પસંદગી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

આ બેઠકમાં પ્રદેશ કોંગ્રેસના નિરીક્ષકો, હોદ્દેદારો તેમજ ધારાસભ્યો હાજરી આપનાર છે.

# શહેરના સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ

**સાંજ ઢળતા ઘનઘોર અંધારુ : નવા સેકટરોની સોસાયટીમાં અંધારપટ્ટ વચ્ચે સેકટરવાસીઓને તસ્કરોનો ભય**

ગાંધીનગર તા ૧૧

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અનેકવિધ દુવિધાઓ જોવા મળી રહી છે. સેકટરવાસીઓ જટીલ સમસ્યાઓથી ત્રસ્ત છે. તુટેલા અને ઉબડ ખાબડ આંતરિક માર્ગો તેમજ વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ, ગંદકી અને બંધ સ્ટ્રીટ લાઈટની સમસ્યા સ્થાનિકો માટે આક્રોશનુ કારણ બની છે. છેલ્લા ત્રણ દિવસથી નવા સેકટરોમાં સોસાયટીના આંતરિક વિસ્તારમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ છે. સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. નવરાત્રિ પર્વને અનુલક્ષી સેકટરોમાં સર્વેના અંતે સ્ટ્રીટ લાઈટો કાયમી ધોરણે ચાલુ થાય તેવી વ્યવસ્થા કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી નઝારો નિખર્યો છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ વિકરાળ બની છે. સેકટરોમાં ગંદકી અને ગારા વચ્ચે રખડતા ઢોરનો પ્રશ્ન પણ પેચીદો બન્યો છે. સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન આંતરિક માર્ગોનુ ધોવાણ થયુ છે. જેના લીધે નગરજનોને ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે. શહેરના સેકટરોમાં રોડ નેટવર્ક ઉબડ ખાબડ બન્યુ છે જયારે વરસાદી દિવસોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ ન થયુ હોવાથી સ્ટ્રીટ લાઈટ માટે આડશ બનેલી તોતિંગ ડાળીઓના લીધે પણ સેકટરોની શેરીઓમાં અજવાળુ પથરાતુ નથી છેલ્લા ત્રણ દિવસથી સેકટરોમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ જોવા મળે છે. જેમાં રીંગ રોડમાં પણ ઘણાખરા પોલ્સ બંધ હાલતમાં છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં વરસાદી વાયરા સાથે સ્ટ્રીટ લાઈટો છેલ્લા ત્રણ દિવસથી બંધ છે. જેના લીધે સાંજ ઢળતા જ સેકટરોમાં અંધારુ છવાઈ જાય છે. સેકટરોની સોસાયટીમાં પણ સાંજના સમયે બહાર નિકળતા મહીલાઓ અને વડીલો ભય અનુભવે છે. જયારે અંધારપટ્ટ વચ્ચે ગમે ત્યારે તસ્કર ટોળકી તકનો લાભ ઉઠાવે તેવી દહેશત પણ પ્રબળ બની છે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના મામલે સર્વે હાથ ધરી નવરાત્રિ પુર્વે તમામ સ્ટ્રીટ લાઈટો ચાલુ થઈ જાય તે મુજબનુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આગામી દિવસોમાં નવરાત્રિનો તહેવાર પણ છે. જયારે સેકટરોમાં હાલ નવરાત્રિ સમિતિની બેઠકનો દૌર પણ ચાલી રહ્યો છે આવા

● અનુસંધાન પાન-૭ પર

# રવિવાર રેલી દિવસ બન્યો : કર્મચારીઓ અને કિસાનોએ રેલીઓ યોજી હતી

**અમદાવાદ-મહેસાણામાં કર્મચારીઓની રેલી થઈ : વિસનગરમાં કિસાનોએ રેલી યોજી ધરણા કર્યા**





ગાંધીનગર, તા. ૧૧

કર્મચારીઓ સરકાર સામે આંદોલનનો માર્ગ આક્રમક રીતે અપનાવતાં આજે રાજ્યભરમાં ઝોનવાર રેલીઓ યોજી હતી. બીજી તરફ કિસાન સંઘે પણ આજે ધરણા અને રેલીનો કાર્યક્રમ યોજી સરકારને ભીંસમાં લીધી હતી.

ગાંધીનગર ઝોનની રેલી અમદાવાદ ખાતે રિવરફ્રન્ટ ખાતે યોજાઈ હતી. સરકાર માટે હવે કર્મચારી આંદોલનો અગ્નિ પરીક્ષારૂપ બની ગયા છે. આજે રિવરફ્રન્ટ રેલીમાં સચિવાલય ફેડરેશન પણ જોડાયુ હતુ. સંયુક્ત કર્મચારી મોરચાનું આંદોલન હવે તીવ્ર બની રહ્યુ છે. સરકારે ૭મીએ વાટાઘાટો યોજી હતી પરંતુ તેમાં કોઈ નિસ્કર્ષ નીકળ્યો ન હતો.

બીજી તરફ કિસાન સંઘે પણ આજે વિસનગરમાં રેલી અને ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો.

મહેસાણામાં આરોગ્યના કર્મચારીઓની ઝોન રેલી યોજાઈ હતી. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી આરોગ્યના કર્મયોગીઓ પહોંચ્યા હતા.

રાજ્ય સરકારે ગાંધીનગરમાં ૧૪૪મી કલમ લાગુ કરી હોવાથી કર્મચારીઓએ અમદાવાદમાં રેલી યોજી હતી. જો કે રાજ્યના વિવિધ સ્થાનોએ યોજાયેલી રેલીની મંજૂરીઓ રાત્રે પાછી લઈ લેવામાં આવી હતી અને રેલીઓ યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા.

અમદાવાદની રેલીમાં અમદાવાદ, ગાંધીનગર સહિત આસપાસના જિલ્લાના કર્મચારીઓ જોડાયા હતા અને તેમણે જુની પેન્શન યોજના ચાલુ કરવા સહિતની વિવિધ માંગણીઓને લઈ કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

આજે રવિવાર રેલીઓનો રવિવાર બની ઉભર્યો હતો. સરકાર હવે શુ નિર્ણય લેશે તેના પર સૌની મીટ મંડાયેલી છે. સરકારે આંદોલનો સમેટાય તે માટે મંત્રીમંડળના સભ્યોની પેટા કમિટી બનાવી છે. આ પેટા કમિટી હવે શુ તેનો અહેવાલ આપે છે તેના પર બધો આધાર છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# મતદારયાદી સુધારણા-નોંધણી માટેની ઝુંબેશ રવિવારે સંપન્ન

**હવે ૧૦મી ઓક્ટો.ના રોજ મતદારયાદી પ્રસિદ્ધ થશે : ૯૦ હજારથી વધુ મતદારોએ આધાર લીંક માટે અરજીઓ આપી**

ગાંધીનગર, તા. ૧૧

ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશના છેલ્લી રવિવારે ઝુંબેશને સારો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું પંચના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં આજે આખો દિવસ યુવા મતદારોએ નોંધણી માટે સારો પ્રતિસાદ આપ્યો હતો. જિલ્લામાં રાજકીય પક્ષોના આગેવાનોએ પણ વોટ્સએપ તેમજ સોશ્યલ મિડિયાના માધ્યમથી આજની આ છેલ્લી તક અંગેના મેસેજો મોકલી ભારે સક્રિયતા દાખવી હતી.

મતદાર નોંધણી માટેની આ છેલ્લી ઝુંબેશ હતી. વિધાનસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાને રાખી આ વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. હવે ૧૦મી ઓક્ટો.ના રોજ સુધારા-વધારા સાથેની આખરી મતદારયાદી પ્રસિદ્ધ થશે જે વિધાનસભાના જંગમાં ઉપયોગમાં લેવામાં આવશે.

સંક્ષિપ્ત મતદાર નોંધણી અને સુધારણા ઝુંબેશમાં આ વખતે ઓનલાઈન નોંધણીનું વધુ પ્રમાણ જોવા મળ્યુ છે. મતદાર નોંધણીના નિયમોમાં થયેલા ફેરફાર બાદ આ

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાના ૯ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં બે, કલોલ-દહેગામમાં એક-એક કેસ નોંધાયો : શહેરમાં સે. ૨૬માં બે, સે. ૧૯, કુડાસણ અને સરગાસણમાં એક-એક કેસ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાએ પુનઃ માથુ ઉંચક્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. છેલ્લા બે દિવસથી શહેર-જિલ્લામાં કોરોનાના કેસોએ ગતિ પકડી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે પાંચ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૪ કેસ નોંધાયા છે. લોકલ ટ્રાન્સમીશન પુનઃ એકવાર તેનો આક્રમક મિજાજ બતાવી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. ગઈકાલે ૭ કેસ હતા આજે નવ કેસ થયા છે. આમ શહેર-જિલ્લામાં સતત કોરોનાના કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com